**તા.1 થી 5 સપ્ટેમ્બર દરમિયાન સમગ્ર રાજ્યમાં જ્ઞાન સપ્તાહ ઉજવવા બાબત.**

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર**
**ઠરાવ ક્રમાંકઃપીઆરઈ/૧૪૧૪/૨૧૧૮/ક**
**તા.૧૩/૦૮/૨૦૧૪**

**પરિપત્ર :-**

રાજય સરકાર તરફથી ચલાવવામાં આવતી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં સ્વચ્છતા, સમૃધ્ધિ, સ્વ-શિક્ષણ, સમુલ્લાસ અને નિવૃત્તિ પામેલ શિક્ષકોના સન્માન માટે દર વર્ષે તા.1 થી 5 સપ્ટેમ્બર દરમિયાન જ્ઞાન સપ્તાહ ઉજવવાનું રાજ્ય સરકારે ઠરાવેલ છે. આ કાર્યક્રમની ઉજવણી દર વર્ષે નીચે દર્શાવેલ વિગતો મુજબ કરવાની રહેશે.

(1) તા.30 અને તા.31 ઓગષ્ટના રોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સંકલનમાં ગામેગામ સંપુર્ણ ગામની સફાઈ અને ‘સ્વચ્છ ગામ’ અભિયાન શરૂ કરવાનું રહેશે. જેમાં, ગ્રામજનો, ગામના ચુંટાએલ પ્રતિનિધિઓ, શાળા વ્યવસ્થાપ્ન સમિતિના સભ્યો, ગામના ચાલતા મહિલા સામખ્યા જુથની બહેનો શાળાના શિક્ષકો અને તમામ સ્થાનિક સરકારી કર્મચારી/અધિકારીઓને આ કાર્યક્રમમાં જોડવાના રહેશે.

(2) **1 લી સપ્ટેમ્બર (સ્વચ્છતા):** શાળાના સંકુલની સામુહિક સફાઈ, પ્રાથમિક શાળાના સુશોભન કાર્યક્રમ, વર્ગ સુશોભન હરિફાઈ, વિજ્ઞાન પ્રયોગ, ચાર્ટ, કાગળ કટીંગ પ્રવૃત્તિ, માટીકામ, વર્ગસફાઈ, રંગોળી-શ્રેષ્ઠ વર્ગ, ગુજરાતી-અંગ્રેજી સુલેખન, બાલ-વાર્તા, આદર્શ વાંચન, દાખલા ગણન, ઘડીયા-ગાન અને સામાન્ય જ્ઞાન ક્વીઝ જેવી સ્પર્ધાઓના કાર્યક્રમો કરવાના રહેશે. આ કાર્યક્રમમાં વિવેકાનંદ યુવક મંડળને જોડવાના રહેશે. ૫ મી સપટેમ્બરના રોજ જ્ઞાન સપ્તાહના સમાપનનો કાર્યક્રમ સરપંચની હાજરીમાં કરી આ કાર્યક્રમમાં પ્રમાણપત્ર અને ઈનામોનું વિતરણ કરવાનું રહેશે.

(3) **2 જી સપ્ટેમ્બર (સમૃધ્ધિ):** શાળાના ઓરડાની મંજુરી, વધારાના ઓરડા, કમ્પાઉન્ડ વોલ, સેનીટેશનનું કામ, વર્ગખંડ તોડવાનું કામ વિગેરેની વહિવટી મંજુરી રાજ્ય કક્ષા અને જિલ્લા કક્ષાએ ત્વરિત આપવાની રહેશે. તદ્ઉપરાંત શાળાઓમાં સમુહ વાંચન, વિદ્યાર્થીઓ દ્વારા વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, કાવ્ય વાંચન, ચેસ, કેરમ, યોગાસન, દેશભક્તિના ગીતો, મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને અન્ય મહાનુભાવો વિશેનું વાંચન વિગેરે બાબતોનું આયોજન કરવાનું રહેશે.

(4) **3 જી સપ્ટેમ્બર (સ્વ-શિક્ષણ):** શાળાનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે તેમજ શાળાઓનું શૈક્ષણિક કાર્ય શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે તેવું

PAM/2014/1ODPE

આયોજન ગોઠવવું. વિવિધ વિષયોના શિક્ષણ કાર્ય માટે શાળાના આચાર્ય/શિક્ષક મિત્રોએ વિદ્યાર્થીઓને 3-4 દિવસ અગાઉથી તાલીમ આપીને પુર્વ તૈયારી કરાવવી. આમ, આ દિવસે સમગ્ર શાળાનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ મારફત થાય તેવું આયોજન કરવું. સારા શિક્ષકો તરફથી ડાયેટ અને બી.આર.સી. ભવનનોમાં અન્ય શિક્ષકો માટે તાલીમ વર્ગ યોજવામાં આવશે.

(5) **4 થી સપ્ટેમ્બર (સમુલ્લાસ):** પ્રભાત ફેરી જેમાં **'વ્યસન મુક્તિ'** અભિયાનનો સમાવેશ કરવો. આ દિવસે શાળામાં, ગામમાં-પંચવટી વિગેરેમાં વૃક્ષારોપણના કાર્યક્રમ કરવા. શાળામાં વેશભુષા હરીફાઈ, દેશભક્તિના સમુહ ગીત, એક પાત્રીય અભિનય, ચિત્ર સ્પર્ધા વિગેરેનું આયોજન કરવાનું રહેશે.

(6) **5 મી સપ્ટેમ્બર (સન્માન):** શિક્ષક સન્માન દિવસે ઋણાનુબંધ કાર્યક્રમ અન્વયે નિવૃત્ત શિક્ષકોને શાળામાં નિમંત્રણ આપીને શાળાના શિક્ષકો, ગ્રામજનો, સ્કુલ મેનેજમેન્ટ કમિટી(SMC)ના સભ્યો અને ટ્રસ્ટીઓની હાજરીમાં શાળાના શિક્ષકો અને નિવૃત્ત શિક્ષકોની ગુરૂ વંદનાના કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે. સાથે દેશભક્તિના ગીતોનું ગાન પણ કરાવવાનું રહેશે.

ઉપરના ફકરા-૪ મુજબ ત્રીજી સપ્ટેમ્બર શિક્ષક દિનના દિવસે મોક-મોડલ ટીચીંગનો કાર્યક્રમ કરવો. એટલે કે, શિક્ષકો દ્વારા શાળાના અન્ય શિક્ષકોને વિવિધ વિષયો ઉપર શૈક્ષણિક માર્ગદર્શન આપે તેવા પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવું. આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, સ્કુલ મેનેજમેન્ટ કમિટી(SMC) અને મંડળના સભ્યો પણ જોડાય તેવી વ્યવસ્થા કરવી.

આ કાર્યક્રમો રાજ્ય સરકાર તરફથી ચલાવવામાં આવતી તમામ પ્રાથમિક શાળાઓ / માધ્યમિક શાળાઓ / ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં **'જ્ઞાન સપ્તાહ'** અંતર્ગત ઉજવવાના રહેશે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

PAM/2014/1ODPE

**(એસ. એમ. મિસ્ત્રી)**
**સંયુક્ત સચિવ,**
**શિક્ષણ વિભાગ.**

**પ્રતિ,**

- **માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.**
- **માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.**
- **માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથ./ઉચ્ચ.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.**
- **અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.**
- **અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.**
- **અગ્રસચિવશ્રી(પ્રા.શિ.), શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.**
- **નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**
- **જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)**

* જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
* શાસનાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
* એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
* સર્વે તિજોરી અધિકારીશ્રી (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
* નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
* સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, (પ્રા.શિ.નિ્યામકશ્રી મારફત)
* શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
* શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
* કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જી-સ્વાન પર મુકવા સારુ રવાના
* સિલેક્ટ ફાઇલ/ નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.

PAM/2014/10DPE